ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

૯

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૬૯/૧૮–૧૯/ 1068 તારીખ : 16 MAR 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી કુકડીયા રમેશભાઈ પોપટભાઈ,
પ્લોટ વિસ્તાર, બસ સ્ટેન્ડ પાસે,
મુ.કોંજળી, તા.મહુવા,
જી.ભાવનગર.
**મો.નં. ૭૬૯૮૮ ૭૮૧૩૩.**

કેસ નં.૧૬૯/૧૮–૧૯

**વિષય : નવું ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૬/૧૨/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૯/૧૮–૧૯/૪૬૯ તા.૩૧/૦૧/૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૯/૧૮–૧૯/૭૪૯ તા.૨૫/૦૨/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૨/૦૨/૧૯ તથા તા.૦૫/૦૩/૧૯ નાં રોજ રૂબરૂ રજુઆત માટે બોલવવામાં આવેલ, પરંતુ તમો એકપણ વખત હાજર રહેલ નથી. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય–૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૬૯/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી કુકડીયા રમેશભાઈ પોપટભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૨૨.૦૨.૧૯ તથા ૦૫.૦૩.૧૯** ◈

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી વી.જી. બારડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી કુકડીયા રમેશભાઈ પોપટભાઈ, મુ.કોંજળી, તા.મહુવા, જી.ભાવનગરની નવું ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૬૯/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૬૯/૧૮–૧૯/૪૬૯ તા.૩૧.૦૧.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૨.૦૨.૧૯ તથા તા.૦૫.૦૩.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી એકપણ વખત હાજર રહેલ નથી. તથા પ્રતિવાદી શ્રી વી.જી. બારડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર મહુવા તાલુકાના કોંજળી ગામે રહીએ છીએ.

૧.૨ અમારી ખેતીવાડી રાતોલ રોડ ઉપર સર્વે નં.૫૪/૨ પૈકીર/પૈકી૧ થી ધરાવીએ છીએ.

૧.૩ અમારી ઉપરોકત સર્વે નંબરવાળી ખેતીવાડી જમીનમાં અમારા દવારા તા.૧૮.૦૫.૨૦૧૬ ના રોજ રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશન ચાર્જ રસીદ નં.WZ ૪૭૭૦૫૭ થી ભરપાઈ કરી, ખેતીવાડી નવું વીજ કનેકશન મેળવવા માટે અરજી કરેલ હતી.

૧.૪ વારા પ્રમાણે ખેતીવાડી વીજકનેકશન મંજુર થવાથી, મહુવા ગ્રામ્ય–૨ વીજ કચેરીમાંથી કર્મચારી સર્વે કરવા માટે આવેલ હતાં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

..૨..

૧.૫ સર્વેયર દવારા કુલ લાઈન ૨૩૩ મીટર અને આઠ પોલનું સર્વે કરેલ હતું.

૧.૬ ત્યારબાદ કચેરી દવારા અમોને જાવક નં.૭૩૫૭ તા.૧૯.૦૯.૧૮ ના રોજ અંદાજપત્ર પાઠવવામાં આવેલ હતું, જે અંદાજપત્ર અમો દવારા તા.૧૫.૧૦.૧૮ ના રોજ રૂા.૭૮૫૩/– ભરપાઈ કરી આપેલ તેમજ ટેસ્ટ રીપોર્ટના નાણા પણ અમો દવારા ભરપાઈ કરવામાં આવેલ છે.

૧.૭ અમારા વારા મુજબ કોન્ટ્રાકટરના માણસો સ્થળ પર લાઈન કામગીરી કરવા માટે આવેલ હતાં. અમારી વાડીએ કર્મચારી દવારા ૮ પોલનું સર્વે કરેલ પરંતુ જયારે પોલની ગાડી આવેલ ત્યારે તેમાં સ્થળ પર ૭ પોલ જ ઉતારેલ.

૧.૮ અમારા દવારા આ સાથે સ્થળ પરનો નકશો જોડેલ છે. જેમાં દર્શાવ્યા મુજબ ગોબરભાઈ બાવભાઈ ના ટી.સી. પરથી ટેપીગ લેવાનું છે, ત્યાં વચ્ચે ધીરૂભાઈ જેઠાભાઈની વાડી આવે છે અને સર્વે મુજબ તેની વાડીમાં ૧૧ કે.વી. કન્ડકટર વાયરો ક્રોસ થાય છે. તેથી ધીરૂભાઈ જેઠાભાઈની એવી રજુઆત છે કે મને મારી વાડીમાં ક્રોસ ન થાય તે રીતે એક પોલ શેઢા ઉપર ઉભો કરી કામગીરી કરવામાં આવે તો વાયરો મને નડતરરૂપ ન થાય અને મને કામગીરી કરવા દેવામાં વાંધો નથી. પરંતુ તા.૧૦.૧૨.૧૮ ના રોજ કોન્ટ્રાકટરના માણસો કામગીરી કરવા ગયેલ ત્યારે જણાવેલ કે અમારે ૭ પોલમાં જ કામગીરી કરવાની છે અને મજુરો દવારા ટી.સી. પાસેથી પ્રથમ બે પોલના ખાડા કરી, બાકીના ૭ પોલ કયાં લગાવવાના છે તે જાણ ન હોવાથી તેમજ ધીરૂભાઈ જેઠાભાઈ દવારા વાંધો ઉઠાવેલ હોવાથી આખો દિવસ બેસી જતા રહેલ.

૧.૯ કોન્ટ્રાકટરના માણસો ફરી વખત તા.૦૮.૦૧.૧૯ ના રોજ સ્થળ પર કામગીરી કરવા આવતાં તેઓ દવારા બે પોલના ખાડા પણ કરેલ ત્યારે ધીરૂભાઈ જેઠાભાઈ દવારા ક્રોસ વાયરો ન નાખવા માટે વાંધો ઉઠાવેલ.

૧.૧૦ કોન્ટ્રાકટરના માણસો દવારા કચેરીમાં એવું જણાવેલ છે કે શેઢા પાડોશી દવારા વાંધો ઉઠાવવામાં આવેલ છે તેમ છતાં જુ.એ.મહેતા સ્થળ ઉપર ખરેખર શું સ્થિતી છે તે જાણવા આવતા જ નથી.

૧.૧૧ મહેતા સાહેબ સ્થળ પર આવતાં ન હોવાથી અમારા દવારા સાદો નકશો બનાવેલ છે તેમાં દર્શાવેલ મુજબ જો ૮ પોલ ઉભા કરવામાં આવે તો પ્રશ્નનું નિરાકરણ થાય તેમ છે તેથી આપ સાહેબને વિનંતી છે કે અમારી વીજલાઈનની કામગીરી પુર્ણ કરાવી અમારૂ વીજ કનેકશન અમોને મળે તેવો હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર મહુવા તાલુકાના કોંજળી ગામે રહે છે.

૨.૨ સદર અરજદાર તેમની ખેતીવાડી રાતોલ રોડ ઉપર સર્વે નં૫૪/૨ પૈકીર/પૈકી૧ થી ધરાવે છે.

૨.૩ સદર અરજદારની ઉપરોકત સર્વે નંબરવાળી ખેતીવાડી જમીનમાં તેમના દવારા તા.૧૮.૦૫.૨૦૧૬ ના રોજ રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશન ચાર્જ રસીદ નં.WZ ૪૭૭૦૫૭ થી ભરપાઈ કરી, ખેતીવાડી નવું વીજ કનેકશન મેળવવા માટે અરજી કરેલ છે.

૨.૪ સદર અરજદારનો ક્રમાનુસાર વારા પ્રમાણે ખેતીવાડી વીજ કનેકશન મંજુર થવાથી, મહુવા ગ્રામ્ય–૨ વીજ કચેરીમાંથી કર્મચારી સર્વે કરવા માટે ગયેલ હતાં.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૫ સર્વેયર દવારા કુલ લાઈન ૨૨૫ મીટર અને આઠ પોલનું સર્વે કરેલ હતું.

૨.૬ ત્યારબાદ મહુવા ગ્રામ્ય–૨ કચેરી દવારા તેમને જાવક નં.૭૩૫૭ તા.૧૯.૦૯.૧૮ ના રોજ અંદાજપત્ર પાઠવવામાં આવેલ હતું, જે અંદાજપત્ર તેમના દવારા તા.૧૫.૧૦.૧૮ ના રોજ રૂા.૭૮૫૩/– ભરપાઈ કરવામાં આવેલ છે. તેમજ ટેસ્ટ રીપોર્ટના નાણા પણ તા.૧૫.૧૦.૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે.

૨.૭ સદર અરજદારનો સર્વેનો સ્કેચ આ સાથે જોડેલ છે. જેમાં દર્શાવ્યા મુજબ ગોબરભાઈ બાવભાઈ ના ટી.સી. પરથી ટેપીગ લેવાનું છે, ત્યાં વચ્ચે ધીરૂભાઈ જેઠાભાઈની વાડી આવે છે અને સર્વે મુજબ તેની વાડીમાં ૧૧ કે.વી. કન્ડકટર વાયરો ક્રોસ થાય છે. તેથી ધીરૂભાઈ જેઠાભાઈની એવી રજુઆત છે કે મને મારી વાડીમાં ક્રોસ ન થાય તે રીતે એક પોલ શેઢા ઉપર ઉભો કરી કામગીરી કરવામાં આવે તો વાયરો તેમને નડતરરૂપ ન થાય અને તેમને કામગીરી કરવા દેવામાં વાંધો નથી. પરંતુ તા.૧૦.૧૨.૧૮ ના રોજ કોન્ટ્રાકટરના માણસો કામગીરી કરવા ગયેલ ત્યારે જણાવેલ કે અમારી વાડીમાં ક્રોસ વાયરો ખેંચવાના નથી કહી વાંધો ઉઠાવેલ હોવાથી મજુરો દવારા ટી.સી. પાસેથી પ્રથમ બે પોલના ખાડા કરી, આખો દિવસ બેસીને પરત આવેલ હતાં.

૨.૮ કોન્ટ્રાકટરના માણસો ફરી વખત તા.૦૮.૦૧.૧૯ ના રોજ સ્થળ પર કામગીરી કરવા જતાં તેઓ દવારા બે પોલના ખાડા પણ કરેલ ત્યારે ધીરૂભાઈ જેઠાભાઈ દવારા ક્રોસ વાયરો ન નાખવા માટે વાંધો ઉઠાવેલ હોવાથી ફરી વખત પરત આવેલ હતાં.

૨.૯ ત્યારબાદ ફરી વખત અરજદારની ફોરમમાં રજુઆતના અનુસંધાને તા.૦૬.૦૨.૨૦૧૯ ના રોજ નાયબ ઈજનેર, મહુવા ગ્રામ્ય–૨ વીજ કચેરી દવારા સ્થળ પર તપાસ કરેલ છે અને સ્થળ રોજકામ કરેલ છે. તેમાં પણ તેમના જણાવ્યા મુજબ ધીરૂભાઈ જેઠાભાઈની વાડીમાંથી માત્ર ક્રોસ વાયર પસાર થાય છે જે વાયરો ખેંચવા બાબતે ધીરૂભાઈ જેઠાભાઈ દવારા વાંધો ઉઠાવેલ છે.

૨.૧૦ સદર અરજદારની દવારા તેમની રજુઆતમાં જણાવ્યા મુજબ એક પોલ વધારે ઉભો કરવાથી કામગીરી થઈ શકે તેમ છે તેના અનુસંધાને નાયબ ઈજનેર, મહુવા ગ્રામ્ય–૨ દવારા સ્થળ પર નકશો બનાવેલ છે તેના પરથી એવો ખુલાસો કરે છે કે જો નવો પોલ લોકેશન A અથવા B ઉપર ઉભો કરી, કામગીરી કરવામાં આવે તો તેના માટે જરૂરી તાણીયાઓ રસ્તા પર નડતરરૂપ થાય અને બાજુ વાળા હકાભાઈ ટપુભાઈની ખાનગી માલીકીની વાડીમાં આવે. તેમજ લોકેશન C ઉપર પણ તાણીયો મારવો પડે જે રસ્તામાં નડતરરૂપ થાય તેમ છે જેથી તે રીતે કામગીરી કરવી ટેકનીકલી શકય નથી, તેવું નાયબ ઈજનેર, ગ્રામ્ય–૨ જણાવે છે.

૨.૧૧ આમ, પીજીવીસીએલ કંપની દવારા જરૂરી પ્રયત્નો કરેલ હોવા છતાં બાજુના શેઢા પાડોશી ધીરૂભાઈ જેઠાભાઈ દવારા ઉઠાવેલ વાંધાનું નિરાકરણ થયેલ નથી, જેથી આ કામમાં વિલંબ પડેલ છે.

૨.૧૨ ભારતીય ટેલીગ્રામ ધારો ૧૮૮૫ ના પાર્ટ ૩(૧૦)(૨), ભારતીય વીજધારો ૧૯૧૦ ની કલમ ૧૨–૧ તદઉપરાંત (૩), વીજસપ્લાય ધારો ૧૯૪૮ ની કલમ ૪૨–૧ અંતર્ગત વીજવિતરણ અને તે માટેના વીજાણું વગેરે સ્થાપન માટે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડને ધોરણસર સતા અને અધિકાર મળેલ છે અને તે રૂએ આ અંગેની તમામ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આમ છતાં આ કામ મા કોઈ સામી તરફથી વ્યકિતગત અથવા સમૂહગત

..૪..

વાંધો લઈ કામને રૂકાવટ કરવામાં આવે તો તે અંગેની યોગ્ય પતાવટ કે હુકમ કરવા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૧૯૧૦ ની કલમ ૧૨ (૨) તથા ઈન્ડીયન ટેલીગ્રાફ એકટ ૧૮૮૫ ની કલમ ૧૬ (૧) અંતર્ગત સતાઓ પ્રાપ્ત છે.

૨.૧૩ ઉપરાતં પીજીવીસીએલ કંપનીના પરીપત્ર નં.PGVCL/Project/RE/4302 Dt.11.10.2010 મુજબ resolving such disputes arise because of objection raised by adjacent farmers all such pending cases should be cleared on top priority and field officers under your control be instructed to refer such dispute to DM/ Collector at the earliest દવારા આવા કેસો DM રીફર કરવા જણાવેલ છે.

૨.૧૪ ઉપરોકત બાબતોને અનુલક્ષીને સદર અરજદારની ફાઈલ તા.૧૧.૦૨.૨૦૧૯ ના રોજ જાવક નં.૧૦૭૯ થી DM રીફર કરવા માટે કલેકટર કચેરી, ભાવનગર ખાતે મોકલાવેલ છે, આગળની કાર્યવાહી DM કચેરીના હુકમ મુજબ કરવામાં આવશે.

## ☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર કુકડીયા રમેશભાઈ પોપટભાઈની ફોરમને રજુઆત છે કે તેઓને મુકતાબેન પોપટભાઈ કુકડીયાના નામનું ગામ–કોંજળી, તા.મહુવા માં તા.૧૮.૦૫.૨૦૧૬ ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ. જેના માટે પ્રતિવાદીએ તા.૧૯.૦૯.૨૦૧૮ ના રોજ અંદાજપત્ર આપેલ, જે વાદીએ તા.૧૫.૧૦.૨૦૧૮ ના રોજ ટેસ્ટ રીપોર્ટ સાથે ભરપાઈ કરી આપેલ.

૩.૨ અરજદારનાં ખેતીવાડી વીજજોડાણ માટે પ્રતિવાદીએ લાઈનના કામ માટે કોન્ટ્રાકટરના માણસો મોકલેલ ત્યારે બાજુની જમીનના માલીક ધીરૂભાઈ જેઠાભાઈ એ વાંધો ઉઠાવેલ અને કામ અટકાવેલ. ત્યારબાદ ફરીવાર લાઈનની કામગીરી માટે તા.૦૮.૦૧.૨૦૧૯ ના રોજ પ્રતિવાદીએ કોન્ટ્રાકટરના માણસો મોકલેલ ત્યારે પણ ધીરૂભાઈ જેઠાભાઈએ કામ અટકાવેલ.

૩.૩ તા.૦૬.૦૨.૨૦૧૯ ના રોજ પ્રતિવાદીનાં નાયબ ઈજનેર એ સ્થળ પર જઈ, રૂબરૂ તપાસ કરી અને સ્થળ રોજકામ કરેલ, જેમાં જણાયેલ કે વાંધો ઉઠાવનાર ધીરૂભાઈ જેઠાભાઈની વાડી ઉપરથી માત્ર ક્રોસમાં વાયરો પસાર થાય છે. આમ, ધીરૂભાઈનો વાંધો અસ્થાને છે. તેમજ પ્રતિવાદીએ ટેકનીકલી ફીઝીબીલીટી મુજબ સર્વે કરેલ છે.

૩.૪ વારંવાર પ્રયત્નો કરવા છતાં પ્રતિવાદી અરજદારના જોડાણ માટે લાઈન નાંખી શકેલ નહી તેથી પ્રતિવાદીએ ભારતીય ટેલીગ્રાફ ધારા ૧૮૮૫ તેમજ ભારતીય વીજધારા ૧૯૧૦ અને વીજસપ્લાય ધારા ૧૯૪૮ મુજબ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીને સદર કેસ તા.૧૧.૦૨.૨૦૧૯ ના રોજ રીફર કરેલ છે અને પ્રતિવાદી જણાવે છે કે આગળની કાર્યવાહી ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રી ના હુકમ મુજબ કરવામાં આવશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૫ જી.ઈ.આર.સી. ના નોટીફીકેશ નં.૨/૨૦૧૧ ના કલોઝ નં.૨.૩૦(૧) મુજબ "સમાન બાબત ને લગતી અને સમાન ફરિયાદી અને પરવાનેદાર વચ્ચેની બાબતને લગતી કાર્યવાહી. કોઈપણ કોર્ટ, ટ્રીબ્યુંનલ, લવાદ, કે અન્ય કોઈ તંત્ર સમક્ષ બાકી હોય તેવા કેસોમાં, અથવા આવી કોઈ કોર્ટ, ટ્રીબ્યુંનલ, લવાદ, કે અધિકારીએ હુકમનામું, ચુકાદો કે આખરી હુકમ પસાર કરી દીધો હોય તેવા કેસો.." માં વાદી ફરીયાદ કરવા હકકદાર રહેતો ન હોઈ, ફોરમે કશો હુકમ કરવાનો રહેતો નથી.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :— ૦૫.૦૩.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.